જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૧૨/૨૦૧૬ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૨૫૪/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી ૨૪૬ લીટર દેશી દારૂ, ૬ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ ઓટોરિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૪ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૧૦,૦૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૨૫૫/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૨૨૫૬/૧૬

**સોલા હાઈકોર્ટઃ** જુમ્પાબહેન વા/ઓ હાર્દીક ઠક્કર (રહે.સીલ્વરા હારમની ફલેટ ગોતા) એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૫/૧૨/૧૬ રાતના ૧૨/૦૦ વાગ્યાથી સવારના ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાની તથા અન્ય ચાર દુકાનોના તાળા તોડી અજાણી વ્યક્તિ ચાંદીની મુર્તી અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૩૪,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ બી સૈયદ ચલાવે છે.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૨૨૫૭/૧૬

**વટવાઃ** બ્રીજેશકુમાર ભગવાનદિન બારી (રહે.નાકોડા બિલ્ડિંગ ચીતલસર માનપાડા થાના- વેસ્ટ મુંબઈ) એ તા.૫/૧૨/૧૬ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૧૧/૧૬ કલાક ૧/૦૦ થી સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન નારોલ કલાપી હોટલથી આગળ જી.ઇ.બી.ઓફીસ સામે પાર્ક કરેલ ટ્રકમાંથી તાડપત્રી નંગ-૮૬ કિમત રૂપિયા ૮૬,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.ભટ્ટ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**પર્સ અને મોબાઈલ ઝુટવી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૫૮/૧૬**

**નરોડાઃ** મદીના મુઝુફરોવા (ઉ.વ.૨૮) (રહે.ક્યુગાન ATX 10/10 ઉઝુબેકિસ્તાન) તા.૨/૧૨/૧૬ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે રણાસણ ટોલપ્લાઝા પાસે રિક્ષામા બેસી પસાર થઈ રહેલ હતા ત્યારે એક મોટર સાયક્લ ઉપર આવેલ બે અજાણ્યા ઇસમો રિક્ષા ચાલકની મદદગારીથી મદીનાના હાથમાથી સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન કિમત રૂપિયા ૫૦૦૦/- અને રૂપિયા ૩૦,૦૦૦/- સાથેનુ પર્સ ઝુટવી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ મદીના મુઝુફરોવાએ તા.૫/૧૨/૧૬ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.પી.સોલંકી ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૨૫૯/૧૬**

**ચાંદખેડાઃ** ગોવિંદ વેંકટ શ્રીનીવાસ (ઉ.વ.૭૬) (રહે.દેવવૃતિ સોસાયટી આઇ.ઓ.સી.રોડ ચાંદખેડા) એ તા.૪/૧૨/૧૬ કલાક ૧૦/૦૦ થી તા.૫/૧૨/૧૬ કલાક ૪/૦૦ વાગ્યા દરમ્યાન ત્રીજા માળે આવેલ પોતાના ઘરના રસોડાની બારીમાંથી પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી અબ્દુલભાઇ મુસાભાઇ ચલાવે છે.

**વટવાઃ** સુનિલભાઈ રામક્રિશ્નન નાયર (ઉ.વ.૫૦) (રહે.સ્વામિનારાયણ પાર્ક-૨ કર્ણાવતી સોસાયટીની બાજુમાં નારોલ વટવા) ને એકાદ માસથી કામ ધંધો મળતો ન હોઈ કંટાળી તા.૪/૧૨/૧૬ સાંજના ૭/૫૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસોખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી બાબુભાઈ કુસાભાઈ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)